GJMR020093852022

Presented on : 20-12-2022
Registered on : 20-12-2022
Decided on : 23-06-2023
Duration :

**IN THE COURT OF**
**CHIEF JUDICIAL MAGISTRATE**
**AT ,MORBI**
**(Presided Over by M.J.Khan)**

**CC/8461/2022**

**Exhibit No.**

State of Gujarat

**VERSUS**

Accused:
SHOEB AAMADBHAI SHAHAMDAR Age: 21
Occupation : VISIPARA, OLD HOUSING BOARD, HOUSE NO. 14, MORBI MO. 8799612230

---

APP for State Complainant}: ,
Advocate for R H PARMAR

---

**Offence punishable under : 135 of GUJARAT (BOMBAY) POLICE ACT, 1951,of ,**

**:: ઠ રા વ ::**

**૧.**ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ મહે. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી સાહેબના હથિયાર બંધી જાહેર નામા નંબર જે/એમ.એ.જી./ક.૩૭(૧) જા.નામું/વશી ૨૮૧૦/૨૦૨૨ તા.૨૯/૧૦/૨૦૨૨ ના તા.૦૧/૧૧/૨૦૨૨ થી ૩૦/૧૧/૨૦૨૨ સુધીનું અમલમાના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરતા ફરીયાદીએ મોરબી સીટી બી ડીવી. પો. સ્ટે ગુ.ર.નંબર ૨૧૪૮/૨૦૨૨ નાઓએ આરોપી વિરૂધ્ધ જી.પી.એકટ કલમ-૧૩૫ નોંધાવતા આરોપીને અટક

કરવામાં આવેલ અને પુરતો પુરાવો મળેલ હોવાથી આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**૨.**ત્યારબાદ, સદર કામે આરોપીને સમન્સ કરતા આરોપીઓને અદાલતમાં હાજર થયેલ છે. આરોપીને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કરી આંક–૦૪ થી આરોપીની પ્લી લેતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે. જેથી આ કામ ફરિયાદ પક્ષના પુરાવા માટે રાખવમાં આવેલ છે.

**૩.** ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજો પુરાવો રજૂ રાખેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

૧. આંક–૦૯ થી પંચ યોગેશ વિશ્વનાથ ભટ ની જુબાની

૨. આંક–૦૬ થી પંચ વિનોદભાઈ દુદાભાઈ ચાવડાની જુબાની.

૩. આંક–૧૦ થી ફરીયાદી વિપુલભાઈ વિષ્ણુભાઈ કણજારીયાની જુબાની.

૪. આંક–૧૩ થી ત.ક.અ. વશરામભાઈ દેવાયતભાઈ મેતાની જુબાની.

**<u>દસ્તાવેજી પૂરાવો</u>**

૧. આંક–૦૭ અટક પંચનામું.

૨. આંક–૧૨ થી ફરીયાદ.

**૪.**ફરિયાદ પક્ષે ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવા તપાસેલ છે, તે સિવાય વિશેષ કોઈ પુરાવો તપાસેલ નથી અને ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં, સદર કામે ક્રિ.પ્રો.કો.કલમ:૩૧૩મુજબ આરોપીનું વધારાનું નિવેદન લેવામાં આવેલ છે. જે નિવેદન માં આરોપીએ પોતાની વિરુધ્ધના પુરાવઓનો ઈન્કાર કરી ખોટો કેસ કરેલ હોવાની હકીકત જાહેર કરેલ છે.ત્યારબાદ શ્રી સરકારપક્ષે વિ એ પી પી શ્રી ની દલીલ સાંભળી. આરોપી પક્ષે વિ વકીલશ્રીની દલીલ સાંભળી.

**૫.**આ કામે સદરહુ કેસના ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**<u>–:: મુ દ્દા ઓ ::–</u>**

૧.શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ મહે. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી સાહેબના હથિયાર બંધી જાહેર નામા નંબર જે/એમ.એ.જી./ક.૩૭(૧) જા.નામું/વશી ૨૮૧૦/૨૦૨૨ તા.૨૯/૧૦/૨૦૨૨ ના તા.૦૧/૧૧/૨૦૨૨ થી ૩૦/૧૧/૨૦૨૨ સુધીનું

અમલમાના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ... ?

**૬.**ઉપરોકત મુદ્દાઓના મારા નીર્ણયો નીચે મુજબ છે.

**<u>–:: નિ ર્ણ યો ::–</u>**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**<u>–:: કા ર ણો ::–</u>**

**૭.<u>મુદ્દા નંબર :– ૧ અને ૨ અંગે :–</u>**

આ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામા આવેલી છે.

૮. ફરીયાદપક્ષે આંક–૦૯ થી પંચ યોગેશ વિશ્વનાથ ભટ તેમજ આંક–૦૬ થી પંચ વિનોદભાઈ દુદાભાઈ ચાવડાને તપાસવામાં આવેલ છે.પંચ સાહેદે આંક–૧૦ થી રજુ થયેલ આરોપીના અટક પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.તેમા શુ લખેલ છે તેની માહીતી તેમને નથી પોલીસે તેમની રુબરુ કોઈ પંચનામુ કરેલ નથી પોલીસે પંચ રુબરુ મુદામાલ કબજે લીધેલ હોય અને આરોપીની અટક કરેલ હોય તેવુ બનેલ નથી. આરોપીની જોઈને તેઓ ઓળખતા નથી.પોતાની રૂબરૂમાં આરોપીને અટક કરવામાં આવેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. આમ ફરીયાદપક્ષના કેસને પંચની જુબાનીથી સમર્થન મળતુ નથી અને આંક–૧૦ થી રજુ થયેલ પંચનામું પુરવાર થતુ નથી.

૦૯.ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૦ થી ફરીયાદી વિપુલભાઈ વિષ્ણુભાઈ કણજારીયા નાઓને તપાસવામાં આવેલછે.ફરીયાદીએ નાઓએ ફરીયાદીએ ફરીયાદને સમર્થન કારી હકીકત જણાવી ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી આંક ૧૨ થી રજુ રાખેલ છે.તેમજ જાહેરનામું રજુ રાખેલ છે.આરોપીના વિ.વકીલશ્રી દ્વારા ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે.જેમાં એવી હકીકત અસ્વીકારેલ છે કે,જેમા કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

૧૦.ફરીયાદપક્ષે આંક–૧૩ થી ત.ક.અ. સાહેદ વશરામભાઈ દેવાયતભાઈ મેતા નાઓને તપાસવામાં આવેલ છે જેઓ એ પોતાની સોંગદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે, સદર ગુનાની તપાસ પુર્ણ કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે અને આંક ૧૧ ના જાહરેનામું રજુ રાખેલ છે.રોપીના વિ.વકીલશ્રી દ્વારા ફરીયાદીની ઉલટતપાસ

કરવામાં આવેલ છે.જેમાં એવી હકીકત અસ્વીકારેલ છે કે,જેમા કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.જે તમામ સંજોગો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધના કેસ પુરવાર કરવામાં સફળ થયેલ ન હોય મુદા નં.૧ નો ઉતર નકારમાં ઠરાવી મુદા નં.ર અનુસંધાને ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**૧.**આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ : ૨૫૫(૧) અન્વયે જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના સજાને પાત્ર ગુન્હાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.**આરોપીના અગાઉના જામીન તથા જાતમુચરકા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:૪૩૭(એ) અન્વયે છ માસની સમય મર્યાદા પુરી થયેથી રદ ગણવા.

**૩.**મુદામાલ અપીલ સમય બાદ નાશ કરવો.

આજરોજ રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૬/૨૦૨૩. મસરૂર જલીસ ખાન
મુકામ : મોરબી ચીફ જયુડીશીયલ મૅજિસ્ટ્રેટ,
મોરબી.

D.B.TOTA **UNIQUE CODE : GJ01098**